ટપુક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૩
અંક : ૪

## ડો. બાબાસાહેબ આંબેડકર

જન્મ :– ૧૪ એપ્રિલ ૧૮૯૧

ઓળખઃ– ભારતીય બંધારણના ઘડવૈયા, દલીત આગેવાન, સ્વાતંત્ર્ય સેનાની

આંબેડકર – રામજી સકપાલ અને ભીમાબાઈનો ચૌદમો દિકરો, તેમની અછુત કહેવાતી માહાર જાતિ એક લડાયક કોમ ગણાતી, ઘરનું વાતાવરણ ધાર્મિક હતું. આંબેડકર નાનપણથી જ અસ્પૃશ્યતાથી દુઃખ પામતા.

સતારાથી કુટુંબ બોમ્બે આવ્યું. ૮ વર્ષની રમાબાઈ સાથે તેમના લગ્ન થયા. મેટ્રીક પાસ કર્યા પછી વિદ્વાનોની ઈજારાશાહીને કારણે કોલેજમાં સંસ્કૃત વિષય ભણવાની પરવાનગી ન મળી. બીજા સંસ્કૃતના તજજ્ઞો પાસેથી સંસ્કૃત શીખી લીધુ. સયાજીરાવ ગાયકવાડે ગ્રેજયુએટ થવામાં આર્થિક મદદ કરી. વડોદરા રાજયની શિષ્યવૃતિની મદદથી ન્યૂયોર્ક અભ્યાસ અર્થે ગયા. ત્યારબાદ ઈગ્લેંન્ડ જઈ કાયદા અને પોલીટેકનીકલ સાયન્સનો અભ્યાસ કર્યો. બોમ્બેની કોલેજમાં બે વર્ષ પ્રાધ્યાપક તરીકે જોડાયા. બચત અને એકત્ર કરેલી નાણાની સહાય સાથે ફરી ઈગ્લેંન્ડ ગયા ૧૯૨૧માં અર્થશાસ્ત્ર, એમ.એસ.સી. અને ૧૯૨૩માં ડી.એસ.સી. પાસ કર્યુ. બેરીસ્ટરની પદવી લઈ સ્વદેશ પાછા ફર્યા.

બોમ્બેમાં વકીલાત કરી, સાથે સાથે વર્તમાનપત્રો, જનરલો, માસિક પ્રકાશિત કર્યા. રાજકીય અને સામાજીક પ્રવૃતિઓમાં વધારો થયો. પરિણામે આ બધા માધ્યમો બંધ પડયા.

૧૯૩૦ થી ૧૯૩૨ ગોળમેજી પરિષદમાં પછાત વર્ગોના પ્રતિનીધી તરીકે અલગ ઉમેદવારની રજુઆત કરી.

આંબેડકરના પત્ની રમાબાઈનું ૨૭/૫/૩૫ના રોજ નીધન થયું.

૧૯૪૨માં શિડયુલ કાસ્ટ ફેડરેશનની સ્થાપના કરી.

૧૯૪૫ માં સિધ્ધાર્થ કોલેજ બોમ્બે અને ૧૯૪૬માં મિલિન્દ કોલજ, ઔરંગાબાદ સ્થાપી.

આઝાદ ભારતના બંધારણના ડ્રાફ્ટ તૈયાર કરવા માટે તેમની ચેરમેન પદે નિયુકતી થઈ.

આંબેડકરે હિદુ કોડ બીલ એક વર્ષ સુધી ડ્રાફ્ટ કર્યુ અને કાયદાકીયમંત્રી તરીકે ફેબ્રુ. ૧૯૫૧ માં સંસદમાં રજુ કર્યુ.

આંબેડકરે વિવિધ ધર્મોનો અભ્યાસ કર્યો અને હજારો અનુયાઆીઓ સાથે બૌધ્ધ ધર્મનો અંગીકાર કર્યો.

તા. ૧૬/૧૨/૫૬માં તેઓ દિલ્હીમાં અવસાન પામ્યા.

**માતા કરતા વધારે સારું કોઈ મંદિર નથી.**

## વસતિ ગણતરી (સેન્સસ) ૨૦૧૧

સેન્સસ એકટ ૧૯૪૮ અન્વયે યોજાયેલ વસતિ ગણતરી ૨૦૧૧ ના આંકડાઓ જોતા આપણા દેશની વસતિ ૧,૨૧,૦૧,૯૩, ૪૨૨ થઈ. જેમાં પુરૂષોની સંખ્યા ૬૨,૩૭,૨૪,૨૩૮ થઈ. સ્ત્રીઓની સંખ્યા ૫૮,૬૪,૬૯,૧૭૪ થઈ.

વસતિ નિયંત્રણના પગલાઓએ જાગૃત અને સભ્ય નાગરીક સમાજમાં તેની અસરો દેખાડી પરંતુ બાકીના સમુહો સુધી આ પગલાઓની કોઈ અસર દેખાઈ નથી. ઉલટું ગર્ભ પરીક્ષણ ના કિસ્સાઓ વધ્યા અને ગર્ભપાતની કાયદેસરતાએ પીએનડીટી એકટની જોગવાઈ છતા મહિલાઓની વસતિ ઘટી.

આમ, એક બાજુ વસતિ વધારો ઉપલબ્ધ સંસાધનોની સામે અછત ઉભી કરવા પુરતો છે. જયારે બીજી બાજુ મહિલાઓની ઘટી રહેલ સંખ્યા સામાજીક તથા કુંટુંબ જીવનમાં અવ્યવસ્થાઓ પેદા કરી શકે છે. સેન્સસ ૨૦૧૧ ની નીચે મુજબની માહિતીઓને કાર્ય આયોજન માટે ચોકકસાઈ પુર્વક ધ્યાનમાં લેવામાં આવે તો આ બંને વિરોધાભાસી બાબતોને થોડી હળવી બનાવી શકાય. આગામી સેન્સસના આંકડાઓ કેવા ઈચ્છીએ છીએ તે અંગેનું ચિત્ર લોકો સમક્ષ રાખવું જોઈએ. જેથી સરકાર અને નાગરીક સમાજ બંને આ ચિત્રને લક્ષાંક બનાવે તો ચોકકસ આગામી સેન્સસના આંકડાઓ સંસાધનોની સરખામણીઓને અનુરૂપ હશે. સામાજીક સમરસતા ની દષ્ટિએ ગુજરાત ની કુલ વસ્તી ૬,૦૩,૮૩,૬૨૮ થઈ. જેમાં પુરૂષોની સંખ્યા ૩,૧૪,૮૨,૨૮૨ છે. જયારે તેની સરખામણી માં સ્ત્રીઓની સંખ્યા ૨,૮૯,૦૧,૩૪૬ છે.

ગુજરાત, કેરળા તથા બિહારના આંકડાઓ જોતા પરિસ્થિતી નીચે મુજબ જોવા મળે છે.

પુરા ભારતમાં રાજયવાર વસ્તીની દ્રષ્ટિએ આપણો નંબર ૨૪ મો છે.

કેરાળામાં વસ્તી વધારાનો દર ઘણો કાબુમાં આવેલો જણાય છે જયારેબિહારનો દર સૌથી વધુ છે અને ગુજરાતનો વસ્તીવધારાનો દર ભારત કુલ દર કરતા વધુ છે.

| વિગત | વસ્તી પ્રતિ ચો. કિ. મી. | દર એક હજારે સ્ત્રીઓની સંખ્યા | વસ્તી વધારો | શિક્ષણ દર પુરુષ | શિક્ષણ દર સ્ત્રી |
|---|---|---|---|---|---|
| ભારત | 382 | 940 | 17.64 % | 82.14 % | 65.46 % |
| ગુજરાત | 308 | 918 | 19.17 % | 87.23 % | 70.73 % |
| કેરાળા | 859 | 1038 | 4.86 % | 96.02 % | 91.98 % |
| બિહાર | 1102 | 916 | 25.07 % | 73.39 % | 53.33 % |

**બાળકોનું શિક્ષણ એટલે ઉતમ રોકાણ**

## ત્રણ આધાર– સંયમ, અસ્તેય, અસંગ્રહ

ભગવાન બુધ્ધ, મહાવીર અને બીજા જ્ઞાની પુરુષોએ અહિંસાની સાથે સાથે બીજી પણ વાતો કહી છે. એમણે અહિંસાની સાથે સાથે અસ્તેય (ચોરી ન કરવી), અપરિગ્રહ ( સંઘરો ન કરવો) અને સંયમ પણ રાખવા કહયું છે. એ વગર અહિંસા અને સમાજ રચના ટકી ન શકે. એની એમને પાકી ખાતરી હતી. હું જેમ જેમ વિચારું છું તેમ તેમ મને એમા એમની લાંબી સુઝ દેખાય છે. આપણે સંયમ ન પાળીએ અને ભોગવિલાસમાં ડુબીએ તો દુનિયા માટે કપરો સવાલ આવીને ઉભો રહે અને માણસ માણસને કાપવા લાગે. આજે લડાઈમાં તો જરાયે ખટકા વગર માણસની કતલ થાય છે. પણ કાલ ઉઠીને કોઈ ડોકટર કહેશે કે માણસનું તાજું માસ પુષ્ટિકારક હોય છે, તો લોકો માણસનું તાજું માસ પણ ખાવા લાગશે. ભોગવિલાસ વધશે તો સંખ્યાસુર પેદા થશે. પુરાણોમાં અનેક અસુરોનું વર્ણન આવે છે. વસ્તી વધી પડશે તો માણસ માણસને ખાવા લાગશે. તમે સાંભળ્યું હશે કે પશુઓમાં કેટલાંક પોતાના બચ્ચાં ખાઈ જાય છે. હું માનું છે કે મનુષ્ય પોતાના ભોગવિલાસ નહી છોડે તો એની પણ એ જ દશા થવાની છે. તેથી જો અહિંસા લાવવી હશે તો સંયમ જાળવવો જરૂરી છે.

બીજી વાત છે અસ્તેય એટલે કે ચોરી ન કરવાની. આ વાત આપણે અમુક હદ સુધી તો ચલાવી છે. કાયદો જેને ચોરી કહે છે એવી કોઈ ચોરી કરે તો તેવા ચોરને આપણે પકડીને જેલમાં પુરીએ છીએ. પણ કાયદામાં જે ચોરી નથી ગણાવાઈ એવી ચોરી આપણે રોકતા નથી. વધારે પડતો પગાર, વધારે પડતો નફો, વ્યાજ, દલાલી એ બધું પણ આખરે તો એક જાતની ચોરી જ છે! એટલે આપણે એમાંથી પણ છુટવું જોઈએ. સંઘરા પર પણ કાબુ હોવો જોઈએ. સંઘરો ફાવે તેમ વધે અને અહિંસા પણ વધે એ બનવા જોગ નથી. લોક પુછશે કે રેડિયો, લાઉડ સ્પીકર એ બધું સંઘરો નથી. ના, જો આખા સમાજની સંપત્તિ વધતી હોય તો એમાં હિંસા નથી. પણ બીજાને લુંટીને પોતાના ઘર ભરે તો એમાં હિંસા થાય છે. આખો સમાજ લક્ષ્મીવાન થાય તેમાં તો આપણે રાજી જ છીએ. પણ તમે લક્ષ્મીવાન કોને કહેશો ? ધારો કે આખો સમાજ બીડી ફુકે છે, દરેક વ્યકિત રોજની એક રૂપિયાની બીડી–સીગારેટ ફુંકે છે તો એ કંઈ સારું નથી. બીડી–સીગારેટની આવી સમૃદ્ધિ વધી પડે તો તેથી ઐશ્ચર્ય વઘ્યું સંપતિ વધી એમ ન કહેવાય. બીજા પામી ન શકે એવી રીતે વસ્તુઓ હું લઈ લઉં એ સંઘરો છે, ગુનો છે. મોટે ભાગે બધી વાતમાં સૌ પોતપોતાનું જ તાકે છે, બીજાનો તો વિચાર જ નથી કરતા. તેથી જ અહિંસાની સાથે અસંગ્રહ, અસ્તેય અને સંયમ જોડી આપીએ તો જ એ ટકી શકશે.

**(સાભાર: ભુદાન ગંગા)**

**જ્ઞાન કરતા તેની કલ્પના વધુ મહત્વ ધરાવે છે.**

## પેપર રીસાયકલ તાલીમ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા હરીરાજ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીના કાર્યાલય પર એપ્રિલ માસ દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે દસ પેપર રીસાયકલ તાલીમ કરવાનું આયોજન હતુ પરંતુ વિદ્યાર્થીઓની પરીક્ષાઓના કારણે માત્ર ચાર તાલીમ યોજવામાં આવી. બાકીની છ તાલીમો આગામી માસમાં યોજવાનું નકકી કરવામાં આવ્યુ.

આ તાલીમમાં જોડાયેલા જીવનતીર્થ વિધાલય, બંસીધર વિધાલય તથા વિધાર્થી આહિર ભવનના કુલ ૮૦ વિધાર્થી ભાઈઓ તથા બહેનોને તાલીમ આપવામાં આવી.




આ તાલીમનો મુખ્ય હેતુ પર્યાવરણની જાણવણી કરી શકાય, પ્રદુષણ અટકાવી શકાય, પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ બંધ કરી શકાય, વૃક્ષો બચાવી શકાય તેમજ કુદરતી સંપતીને બચાવી શકાય તેવો હતો.

દરેક તાલીમમાં શ્રી ધીરૂભાઈ વાગડીયાએ તાલીમાર્થી વિધાર્થી ભાઈઓ અને બહેનો નો ટુકો પરિચય મેળવીને પર્યાવરણ, પ્રદુષણ, કુદરતી સંપતી વગેરે બાબતો પર તાલીમાર્થી સાથે અરસપરસ ચર્ચા કરવામાં આવી. Reduce (ઓછુ કરવુ), Reuse, (ફરી ઉપયોગ) અને Recycle (ફરી બનાવવું) જેવી બાબતો પર ઉદાહરણો દ્વારા સાથે માહિતી આપવામાં આવી તેમજ આરોગ્ય, શિક્ષણ અને જેન્ડરને લગતી માહિતીઓ આ તાલીમોમાં આવરી લીધી હતી.

**હંમેશા નીડર રહેવાથી માનવીનું કોઈ કશુ બગાડી શકતું નથી**

આ તાલીમોમાં સંસ્થાના ફેસીલીટેટર શ્રી ભરતભાઈ વાળા દ્વારા પેપર રીસાયકલ યુનીટની કાર્યપધ્ધતી સમજાવતા પ્રથમ હાયડ્રાપલ્લર, યુનીવટ, અને સ્ક્રુ પ્રેસ મશીન વિશે વિધાર્થીઓને માહિતી આપવામાં આવી ને વિધાર્થીઓ પાસે જ પેપર રીસાયકલની તમામ પ્રક્રિયાઓ કરાવવામાં આવી. ત્યારબાદ આગળ પેપર રીસાયકલ તાલીમ દ્વારા કાગળ બનાવવામાં આવ્યા હતા તે કાગળ માંથી વિધાર્થીઓએ ગૃપમાં કાર્ડ પેપર, ફાઈલ, શોપીગ બેગ, પ્રમાણ પત્ર, આમત્રણ કાર્ડ, જન્મ દિવસ કાર્ડ, દિવાળી કાર્ડ, કચરા ટોપલી, કવર અને કાગળનું ઘર વિગેરે બનાવવામાં આવ્યાં.



આ રીતે આપણે કાગળનો ઉપયોગ કરી કાગળને બચાવી શકીશું. નકામા કાગળને પેપર રીસાયકલ મશીન દ્વારા ફરીથી ઉત્પન કરવાથી પાણી, હવા, પ્રદુષણ, વૃક્ષો અને રાસાયણનો ઉપયોગ ઘટાડી શકાય વિગેરે બાબતો પર પાવર પોઈંટ પ્રેઝનટેશનદ્વારા વિધાર્થી તાલીમાર્થીઓ શીખ્યા હતા.
આ તાલીમોમાં વિવિધ રમતો તથા ગૃપચર્ચા જેવી પધ્ધતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થી વિધાર્થી ભાઈઓ બહેનોના તાલીમ વિશેના પ્રતિભાવો જાણવામાં આવ્યા. પેપર રીસાયકલ તાલીમ મેળવ્યા અંગેના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.

***હજારો વર્ષનો યશ એક દિવસના ચારિત્ર્ય ઉપર નિર્ભર રહે છે.***

## પોતાની સમસ્યાને પોતે જ હલ કરવાની હોય

માણસના જીવનમાં કોઈ પ્રશ્નો ના હોય તો જીવવાની મજા ના આવે, અને હલ કરવા માટે મથામણ કરવી પડે એના કારણે તન મનને કામે લગાડવુ પડે માણસનું સાચુ ઘડતર પ્રશ્નો દ્વારા થાય છે. મોટાને મોટા પ્રશ્નો હોય તો નાનાને નાના. માણસ સમજણો થાય ત્યારથી આ પ્રક્રિયા શરૂ થઈ જતી હોય છે. સમાજમાં ભાતભાતને જાત જાતના લોકો વસતા હોય છે. દરેકને કંઈ ને કંઈ ખૂટતુ હોય છે. એ અભાવને ભરવા માણસ કંઈક ને કંઈક કરતો હોય છે. પ્રશ્નો તો પડકાર છે, એને સામી છાતીએ જીલી લેવા એ બહાદુરી છે. જે માણસ પ્રશ્નો સામે શાહમૃગવૃતિ દેખાડે છે એ એના જીવનમાં કશું કરી શકતો નથી માણસે હંમેશા જે સમસ્યા હોય એની પૂર્તિ કરવાની હોય છે. સમસ્યાનો ઉકેલ લાવવો, એનો યોગ્ય જવાબ આપવો અને એનો અધુરો ભાગ હોય તેને પુરો કરવો. અધુરુ કશું રખાય નહી આપણે કહીએ છીએ કે દરેકને પોત પોતાની સમસ્યાઓ હોય છે હાથીને મણ તો કીડીને કણ જેવી જેની તાકાત એવો એનો ભાર હિન્દીમાં એક પંકિત છે. 'હાથી અપને પાંવ ભારી, ચીટી અપને પાંવ ભારી' હાથી જેવી રીતે પોતાના પગ પર પોતાનો ભાર અનુભવ કરે છે એવી રીતે કીડી પોતાના પગ ઉપર.

દરેક મનુષ્ય પોતપોતાની સમસ્યાઓથી ઘેરાયેલો હોય છે. કેટલાક લોકો એવા હોય છે કે એમને જો કોઈ સમસ્યાના હોય તો ચેનના પડે આપણે ત્યાં કહેવાય છે કે, "કાં તો મારી સાથે લડ અથવા લડનાર આપ" કંઈક તો કરવુ પડે કે નહી ? આપણા નખની જેમ ઉંદરના દાંત વધતા રહે છે, જો એ સતત કાંઈ ને કાંઈ કર્યા ન કરે તો એના જ દાંતથી એનું મોત થાય છે. એટલે સમસ્યાથી માણસની બુદ્ધિને ધાર મળે છે. માણસ સજાગ થાય છે. માણસ સમસ્યાના કારણે પ્રવૃતિશીલ બનતો હોય છે. સમસ્યા જ સાચા જીવનનું ધ્યેય હોવું જોઈએ, પણ એ એવી સમસ્યાઓ ન હોવી જોઈએ, જે બીજાના અહિત માટે હોય. કેટલાક લોકો જયારે સમસ્યા ઉભી થાય ત્યારે એ તો ભગવાને ધાર્યું હશે તે થશે, એમ માનીને બેસી રહે છે. આપણે જો જમવું હોય તો રાંધવુ પડે. હાથ પગ હલાવ્યા વિના કોઈ સમસ્યા કયારેય હલ થતી નથી. સમસ્યાના ઉકેલ માટે આપણેજ મથવું પડે છે. ઊંટના લબડતા હોઠની જેમ આશામાં ને આશામાં ઊભા રહો તો ઘણું નુકશાન થઈ જતું હોય છે. દરેકને પોતાનો સ્વાર્થ હોય છે. જે બીજાની સમસ્યાનો ઉકેલ લાવવા માટે મથતા હોય છે. જેની નિયતી સાફ ન હોય તો ન કલ્પી શકાય એવું નુકશાન કરતા હોય છે. એવા લોકોથી દુર રહેવું એમાં જ આપણું હિત છે.

***(સંકલન : દયા જાદવ)***

***જીંદગી એ આત્મખોજની એક પ્રકિયા છે.***

## ટીમ મીટીંગ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ અને અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના અમરેલી, ખાંભા, ધરમપુર અને જુનાગઢ જીલ્લામાં ચાલતા કાર્યક્રમોમાં જાડાયેલ કાર્યકરોની માસિક ટીમ મીટીંગ ઉના તાલુકાના કાજરડી ગામે રાખી હતી.



આ મીટીંગમાં સંસ્થાની પોલીસી વિશે ચર્ચા કરવામાં આવી જેમાં જો કોઈ સુધારાની જરુર હોય તો તેને માટેના સૂચનો હોય તો દરેક કાર્યકર સાથીઓને આગામી વાર્ષિક સાધારણ સભા પહેલા મોકલી આપવા જણાવ્યુ.

ટીમના કાર્યની ગત માસની કામગીરીની સમીક્ષા તથા આગામી માસના આયોજન પર ચર્ચા કરવામાં આવી.

સંસ્થાની ૨૦૧૦–૧૧ની ઉપલબ્ધિઓ અને ૨૦૧૧–૧૨ના આયોજનના મુદાઓ તારવવામાં આવ્યા.

## તાલીમ વર્ગ

કાજરડી ગામે સંસ્થા દ્વારા ચાલતા શિવણવર્ગની કાર્યકરોએ મુલાકાત લીધી તમામ સાથીઓએ તાલીમાર્થીઓ સાથે તેમની શીખવાની બાબતો તથા આગળ મેળવવાની થતી રોજગારી સંબંધી વિગતો વ્યકિતગત તાલીમાર્થીઓને મળીને મેળવી હતી.



તાલીમાર્થી બહેનોની એક મીટીંગ યોજાઈ જેમાં સંસ્થાના કાર્યકરો શ્રી ધીરૂભાઈ વાગડીયા અને ભરતભાઈ વાળાએ વર્ગ શરુ થયા થી આજ સુધીમાં શું શિખ્યા, શું મુશ્કેલી પડી, વર્ગ માટેની જરુરી સગવડો બાબતે તેમજ તાલીમ મોડયુલની ચર્ચા કરી હતી.

તાલુકા પંચાયત કચેરીના વિસ્તરણ અધિકારીશ્રી એન. પી. હિરપરા તથા ગ્રામ સેવકશ્રી એમ. કે. જેસરીયા આ વર્ગની અવારનવાર મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપી રહયા છે.

***દુઃખ દરિયા જેવું છે તે પહેલા ડુબાડીને પછી મોતી આપે છે.***

**Well wisher of this month**

250 Manish Shukla

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**–ટપક ટીમ**

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | |
|---|---|
| ૦૪ | ટીએસસી સમિક્ષા બેઠક, જુનાગઢ |
| ૦૪ | સીડસ કંપની મીટીંગ, રાજકોટ |
| ૦૫ | ટીમ મીટીંગ – કાજરડી |
| ૦૭–૦૮ | પેપર રીસાયકલ તાલીમ – અમરેલી |
| ૯–૧૦ | પેપર રીસાયકલ તાલીમ –અમરેલી |
| ૧૧–૧૨ | પેપર રીસાયકલ તાલીમ –અમરેલી |
| ૧૩–૧૪ | પેપર રીસાકલ તાલીમ –અમરેલી |
| ૧૨–૧૩ | W.B.I.S. વર્કશોપ – બોપલ અમદાવાદ |
| ૧૮ | skvaw કોરગ્રૂપ મીટીંગ રાજકોટ |
| ૨૦થી૧૦ | સામાજીક ઉતરદાયિત્વ ગ્રામસભા – ખાંભા |
| ૨૮–૨૯ | M.S.A.મીટીંગ – અમદાવાદ |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મુશ્કેલી પંપાળવાથી તે મોટી થાય છે.**